**પ્રિય સભ્યો,**

એક્સચેન્જ, તેના સભ્યો તથા ગ્રાહકો સહિતના તમામ સહભાગીઓ પાલન કરે તે સૌના હિતમાં છે. આથી એક્સચેન્જના સભ્યોએ પાલનસંબંધી જરૂરિયાતોથી સંપૂર્ણપણે વાકેફ રહે એ મહત્ત્વનું છે. એમસીએક્સના સભ્યોમાં પાલનસંબંધી જાગરૂકતા વધે તે માટે સેમિનારોનું આયોજન, ફોનના માધ્યમથી પાલનસંબંધી જાગરૂકતા વધારવા માટેના કાર્યક્રમમાં સહભાગી થવા સભ્યોને પ્રોત્સાહન, વેબસાઈટ પર વારંવાર પુછાતા પ્રશ્નોની રજૂઆત, ચકાસણી દરમિયાન કરાયેલાં નિરીક્ષણોની જાહેરાત, વગેરે સહિતનાં વિવિધ પગલાં એક્સચેન્જ લઈ રહ્યું છે. જાગરૂકતા વધારવા માટે વધુ એક પ્રોત્સાહન તરીકે એક્સચેન્જ મહત્ત્વની જરૂરિયાતોને સભ્યોના ધ્યાન પર લાવવા માટે ઈ-મેઈલ મોકલશે. તે શ્રેણીમાંનો આ પ્રથમ ઈ-મેઈલ છે.

**કોન્ટ્રેક્ટ નોટ્સ**

| | |
|---|---|
| **આવશ્યકતાઓનો સાર** | સભ્યોએ સોદા પાર પડ્યાના **24** કલાકની અંદર પોતાના ગ્રાહકોને એક્સેચેન્જ દ્વારા નક્કી કરાયેલા સ્વરૂપમાં કૉન્ટ્રેક્ટ નોટ આપવાની રહેશે. સભ્યોએ આપેલી કૉન્ટ્રેક્ટ નોટની નકલને સાચવી રાખવી જરૂરી છે. સભ્યો પોતાના ગ્રાહકોને ઈલેક્ટ્રોનિક કૉન્ટ્રેક્ટ નોટ્સ પણ આપી શકે છે. |
| **ફાયદા** | સોદાના પુરાવા તરીકે ઉપયોગમાં આવે છે અને ગ્રાહકો તથા સભ્યોને કરારથી બાંધીને રક્ષણ આપે છે તથા વિવાદના કિસ્સામાં એક્સચેન્જની લવાદની પ્રક્રિયામાં ઉપયોગી થાય છે. |
| **સંદર્ભ** | 1. પરિપત્ર ક્ર. એમસીએક્સ/લીગલ/363/2008. તા. 15 નવેમ્બર, 2008<br>2. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/195/2008. તા. 6 જૂન, 2008<br>3. પરિપત્ર ક્ર. એમસીએક્સ/કોમ્પ/304/2007. તા. 1 સપ્ટેમ્બર, 2007<br>4. પરિપત્ર ક્ર. એમસીએક્સ/012/2006 તા. 10 જાન્યુઆરી, 2006 અને<br>5. પરિપત્ર ક્ર. એમસીએક્સ/409/2005 તા. 6 ડિસેમ્બર, 2005<br>6. વેપારનો નિયમ 27(પી)<br>7. પેટા નિયમ 4.7 |

પરિપત્રો, નિયમો, પેટા નિયમો અને વેપારના નિયમો અમારી વેબસાઈટ http://gujarati.mcxindia.com પર 'સભ્યપદ>કાનૂની માળખું'ની લિંક હેઠળ ઉપલબ્ધ છે.

સભ્યોને અમે સભ્યપદ લિંક હેઠળના વારંવાર પુછાતા પ્રશ્નો (એફએક્યુ)ને પણ વાંચી જવાની વિનંતી કરીએ છીએ.